# અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈના ગ્રાહકો માટે હરિત ઊર્જા લાવી

મુંબઈ, ૮ : વીજ વિતરક કંપની અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (એઈએમએલ) દ્વારા મુંબઈને હરિત ઊર્જા તરફ પરિવર્તિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવશે. બધા ગ્રાહકો નવીનીકરણક્ષમ ઊર્જા માટે તેમનાં લક્ષ્યો અને આકાંક્ષાઓને હાંસલ કરી શકે તે માટે એઈએમએલ દ્વારા મુંબઈ ગ્રીન એનર્જીની પહેલ કરવામાં આવી છે. આ ઉપક્રમ હેઠળ ગ્રાહકોને નવીનીકરણક્ષમ ઊર્જા માટે તેમનાં પોતાનાં લક્ષ્યોને સ્થાપિત કરવાની સાનુકૂળતા મળશે.

એઈએમએલ નવીનીકરણક્ષમ ઊર્જાનાં લક્ષ્યો હાંસલ કરવા માટે પેરિસ કરાર હેઠળ ભારતની કટિબદ્ધતા સાથે જોડાવા અને સક્ષમ બનવા માટે વચનબદ્ધ છે. એઈએમએલ ૨૦૨૩ સુધી નવીનીકરણક્ષમ ઊર્જા થકી તેની ઊર્જાની આવશ્યકતાના લગભગ ૩૦ ટકા સ્રોત કરશે અને આરઈ પાવર પાસેથી ૫૧ ટકાથી વધુ કમ્પોનન્ટ સાથે આરટીસી પાવરના વધુ ૧૦૦૦ મેગાવોટનો ઉમેરો કરવા માટે એમઈઆરસી પાસેથી મંજૂરી મળવા પર ૫૦ ટકા હિસ્સો વધારશે.

એઈએમએલ ગ્રાહકોને આરઈ સર્ટિફિકેટ્સ આપી શકશે, કારણ કે એઈએમએલને ૨૦૨૨-૨૩ના અંત સુધી રાજસ્થાનમાં હાઈબ્રિડ સોલાર અને પવન નિર્મિતીમાંથી ૭૦૦ મેગાવેટનો પુરવઠો પ્રાપ્ત થશે. તે હરિત ઊર્જાના પૂરતા ઘટક સાથે વધુ ૧૦૦૦ મેગાવેટ વીજ પણ ઉમેરશે.એમઈઆરસીની મંજૂરી મળવા પર એઈએમએલ (મહારાષ્ટ્રની સર્વ અન્ય ડિસ્કોમ તરીકે) હવે ગ્રાહકોને યુનિટ દીઠ વધુ ૬૬ પૈસાના વધારાના ટેરિફ માટે નવીનીકરણક્ષમ ઊર્જા થકી તેમની ઊર્જાની આવશ્યકતાના ૧૦૦ ટકાને પહોંચી વળવાનો વિકલ્પ ઓફર કરે છે.